*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 71

## USA H-1B VISA




ચર્ચામાં શા માટે ?

વિઝા અને અન્ય યોજનાઓ સ્થગિત કરવાના કારણો વિશે :

H-1B વિઝા વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-71નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE માટે અહીં CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં અમેરિકા (USA)માં COVID-19 મહામારીના કારણે બેરોજગારીમાં વધારો થતા H-1B વિઝા સહિતના પ્રવાસી કામદારો સંબંધિત અન્ય તમામ યોજનાઓને સ્થગિત રાખવાની માંગ વધી છે.

## વિઝા અને અન્ય યોજનાઓ સ્થગિત કરવાના કારણો વિશે :

- અમેરિકાના રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં અમેરિકાના સંસદે COVID-19ના લીધે વધતી બેરોજગારીને કારણે અમેરિકાના કામદારોની આવક અને રોજગારીની તકોને પ્રોત્સાહન આપવા માટે H-1B, H4, L1, B1, B2, 'વૈકલ્પિક પ્રાયોગિક તાલિમ કાર્યક્રમ' અને પ્રવાસી કામદારો સંબંધિત અન્ય યોજનાઓ સ્થગિત કરવા માંગ કરી છે.
- નોંધનીય છે કે તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિએ આગામી 90 દિવસ સુધી દેશમાં નવા ગ્રીનકાર્ડ આપવાની મનાઈ ફરમાવી હતી.
- આ ઉપરાંત દેશમાં COVID-19 મહામારી દરમિયાન અમેરિકન કામદારોના હિતો માટે અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા 22 એપ્રિલ, 2020ના રોજ એક ઘોષણા જાહેર કરવામાં આવી હતી.
- આ ઘોષણાની કલમ-6માં અમેરિકાના મજૂર (Labor), રાજ્ય (State) અને હોમલેન્ડ સિક્યુરિટી (Homeland Security), સચિવોની જાહેરાતની રજૂઆતના 30 દિવસની અંદર અમેરિકન કામદારોને પ્રાધાન્ય આપવાની અને તેમની રોજગાર સંબંધિત વધારાના સૂચનો આપવા જણાવ્યું હતું.
- અમેરિકાના નેતાઓના જણાવ્યા અનુસાર, COVID-19 મહામારીના કારણે અમેરિકામાં લગભગ 26 મિલિયન લોકો બેરોજગાર થયા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એક અનુમાન મુજબ, અમેરિકાના લગભગ 30 લાખ લોકો H-1B વિઝા પર રહીને કામ કરે છે.
- નાણાકીય વર્ષ 2020-21 માટે અમેરિકાની સરકારને અન્ય દેશોના કામદારો પાસેથી H-1Bની આશરે 2,75,000 અરજીઓ પ્રાપ્ત થઈ હતી.
- નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, લગભગ 24 ટકા H-1B વિઝા ધારકો દર વર્ષે ગ્રીન કાર્ડ માટે અરજી કરે છે.
- અમેરિકામા બેરોજગારીના વધારા સાથે સરકાર પર પ્રવાસી કામદારોને દેશમાં આવવાનું બંધ કરવા માટે દબાણ વધ્યું છે.

## H-1B વિઝા વિશે :-

- H-1B અમેરિકન સરકાર દ્વારા આપવામાં આવતા એક વિઝા છે, જે અંતર્ગત અન્ય દેશોના કુશળ કામદારોને એક નિશ્ચિત સમયગાળા માટે અસ્થાયી રૂપે અમેરિકામાં રહીને કામ કરવાની છૂટ આપવામાં આવે છે.
- H-1B વિઝા મેળવવા માટે કેટલાક ઓછામાં ઓછા શૈક્ષણિક ધોરણોની ખાતરી પણ કરવામાં આવી છે. જેમકે બેચલર અથવા સમકક્ષ ડિગ્રી ધરાવવી અથવા એમ્પ્લોયર દ્વારા સૂચવવામાં આવેલી લાયકાત વગેરે.
- હાલમાં અમેરિકાની સરકાર દ્વારા દર નાણાકીય વર્ષમાં મહત્તમ H-1B વિઝા આપવાની મર્યાદા 65,000 સુનિશ્ચિત કરવામાં આવી છે.
- જો કે અમેરિકન શૈક્ષણિક સંસ્થાઓમાંથી માસ્ટર અથવા ઉચ્ચ ડિગ્રી ધરાવતા પ્રથમ 20,000 અરજદારોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT